જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web :-www.suratdeo.org

જા.નં/મા-૨/૨૦૨૬ / ૧૨૧૫૦ તા.૨૫/૦૯/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી / સંચાલકશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ તથા સ્વનિર્ભર
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
જિલ્લો: સુરત

વિષય: "વિકસિત ભારત ૨૦૪૭ : સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬* અંતર્ગત શાળા, QDC અને SVS કક્ષાએ ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાના આયોજન અંગે.

સંદર્ભ: શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો માર્ગદર્શક પત્ર : વિકસિત ભારત ૨૦૪૭ સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ભારત દેશ જ્યારે પોતાની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે ત્યારે વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશને સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે સંપૂર્ણ સમૃદ્ધ બનાવવાના સંકલ્પ સાથે "વિકસિત ભારત ૨૦૪૭ : સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬" નું આયોજન કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા અને વક્તૃત્વ શક્તિ ખીલે તે હેતુથી ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન વિવિધ કક્ષાએ કરવાનું રહે છે. તમામ શાળાઓ, ક્યુડીસી (QDC), CRC, BRC, એસવીએસ (SVS) કન્વીનરશ્રીઓ, અને TPEOશ્રીઓએ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ નિયત સમયમર્યાદામાં સ્પર્ધાઓનું સુચારુ આયોજન કરવાનું રહેશે:

રજીસ્ટ્રેશન
૧૬/૦૯/૨૦૨૬ સુધી

તમામ શાળાઓએ આ સ્પર્ધાઓ સંદર્ભે સમયમર્યાદામાં (તારીખ: ૧૬/૦૯/૨૦૨૬ સુધીમાં) Child Tracking System (CTS Portal) પર વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે.

ઉક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરી સ્પર્ધાઓનું સફળ આયોજન કરવા આથી સુચિત કરવામાં આવે છે.

સ્પર્ધાના જૂથ (કેટેગરી)

* Group-2: ધોરણ ૬ થી ૮ (ઉચ્ચ પ્રાથમિક)

*Group-3: ધોરણ ૯ થી ૧૦ (માધ્યમિક)

શાળા કક્ષાનું આયોજન
૧૯/૦૯/૨૦૨૬

*** ચિત્ર સ્પર્ધા:**

* વિદ્યાર્થીઓએ ચિત્ર ઘરેથી દોરીને લાવવાનું રહેશે.(ચિત્ર દોરવા માટે A3 સાઈઝના ડ્રોઈંગ સીટનો ઉપયોગ કરવો.)
* શાળા કક્ષાએ ધોરણ ૬ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવું.
* શાળા કક્ષાએથી દરેક ધોરણ મુજબ ૧ (એક) શ્રેષ્ઠ ચિત્ર પસંદ કરી ક્યુડીસી (QDC) કક્ષાએ લઈ જવાનું રહેશે.

વક્તૃત્વ સ્પર્ધા:

* શાળા કક્ષાએ નિયત ગ્રુપ વાઈઝ વક્તૃત્વ સ્પર્ધા યોજવી.
* દરેક ગ્રુપમાંથી પ્રથમ ક્રમે પસંદગી પામતા વિદ્યાર્થીને ક્યુડીસી (QDC) કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા મોકલવાના રહેશે.

ક્યુડીસી (QDC) કક્ષાનું આયોજન

૨૧/૦૯/૨૦૨૬

*ચિત્ર પ્રદર્શન: શાળાકક્ષાએ પસંદગી પામેલ તમામ શ્રેષ્ઠ ચિત્રોનું ક્યુડીસી કક્ષાએ યોગ્ય નિદર્શન/પ્રદર્શન ગોઠવવું.

*વક્તૃત્વ સ્પર્ધા: ક્યુડીસી કક્ષાએથી સ્પર્ધાનું આયોજન કરી ગ્રુપ વાઈઝ પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થીની પસંદગી કરી એસવીએસ (SVS) કક્ષાએ મોકલવાના રહેશે.

* દરેક ક્યુડીસીમાંથી દરેક ગ્રુપ મુજબ પ્રથમ બીજા અને ત્રીજા ક્રમે પસંદગી પામતા શ્રેષ્ઠ ચિત્રો (SVS) કક્ષાના પ્રદર્શન/સ્પર્ધા માટે લઈ જવાના રહેશે.

***પ્રાથમિક શાળાઓએ QDC માટે નજીકની માધ્યમિક શાળાનો સંપર્ક કરવો.**

SVS-શાળા વિકાસ સંકુલ / તાલુકા કક્ષાનું આયોજન

તા:૨૬/૦૯/૨૦૨૬

ક્યુડીસી કક્ષાએથી પસંદ થયેલા ચિત્રોના પ્રદર્શન અને વક્તૃત્વ સ્પર્ધાના પ્રથમ ક્રમના વિદ્યાર્થીઓ માટે એસવીએસ (SVS) કક્ષાએ તાલુકા માટેની સ્પર્ધાનું આયોજન તા:૨૬/૦૯/૨૦૨૬ ના રોજ નિયત કરેલ એસવીએસ ની શાળા કક્ષાએ કરવાનું રહેશે. ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાના દરેક ગ્રુપ મુજબ પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમની પસંદગી કરવાની રહેશે.

ક્રમ	SVS	સ્થળનું નામ	લાયઝનીંગ અધિકારીશ્રીનું નામ
૧	૧	સરદાર પટેલ વિદ્યાલય, પાલ, જિ.સુરત.	શ્રી નીલેશભાઈ ગાંધી
૨	૨	લીલાબા કન્યા વિદ્યાલય, જિ.સુરત.	શ્રી હિમાંશુભાઈ બારોટ
૩	૩	ટી.એન્ડ ટી.વી. સાર્વજનિક વિદ્યાલય, ગોપીપુરા, જિ.સુરત	શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ
૪	૪	નવસર્જન વિદ્યાલય, પાંડેસરા, જિ.સુરત	શ્રીમતી તેજલબેન રાવ
૫	૫	એલ.પી.સવાણી સંસ્કારવેલી વિદ્યાલય, મોટા વરાછા, જિ.સુરત	શ્રીમતી શર્મીલાબેન ટંડેલ
૬	૬	કે.સી.કોઠારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, હિરાબાગ, સુરત.	શ્રી નીલેશભાઈ દેસાઈ
૭	૭	શ્રીમતી એલ.પી.ડી.પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, પુણાગામ, સુરત.	શ્રી દિક્ષલભાઈ પટેલ
૮	૮	મહર્ષિ આસ્તિક સાર્વજનિક હાઈસ્કૂલ, ગોડાદરા, સુરત.	શ્રીમતી સંગીતાબેન મિસ્ત્રી
૯	૯	સી.બી.ભંડારી સરસ્વતી વિદ્યાભવન ઉ.મા.શાળા, મગદલ્લા, સુરત.	શ્રીમતી ક્રિષ્નાબેન કોસમિયા
૧૦	ચોર્યાસી	નવચેતન વિદ્યાલય, જુનાગામ, તા.ચોર્યાસી, જિ.સુરત	શ્રીમતી નીશાબેન સેલર
૧૧	ઓલપાડ	એમ.આર.સી.હાઈસ્કૂલ, દિહેણ, તા.ઓલપાડ, જિ.સુરત.	ડો.વિજયભાઈ પટેલ
૧૨	કામરેજ	ધી.કે.વી.કો.માધ્યમિક શાળા, રામકબીર, તા.કામરેજ, જિ.સુરત.	શ્રી અરવિંદભાઈ ભોયે
૧૩	પલસાણા	સરદાર પટેલ વિદ્યાલય, એના, તા. પલસાણા, જિ.સુરત.	શ્રી જીજ્ઞેશભાઈ સોલંકી
૧૪	બારડોલી	જે.એમ.પટેલ હાઈસ્કૂલ, તા.બારડોલી, જિ.સુરત.	શ્રી રાકેશભાઈ પટેલ
૧૫	મહુવા	જી.એચ.ભક્ત હાઈસ્કૂલ મહુવા,તા.મહુવા, જિ.સુરત.	શ્રીમતી સ્વાતિબેન પટેલ
૧૬	માંડવી	વી.એફ.ચૌધરી હાઈસ્કૂલ, તા.માંડવી, જિ.સુરત.	શ્રી કિરણભાઈ પટેલ
૧૭	ઉમરપાડા	સૈનિક શાળા, વાડી, તા.ઉમરપાડા,જિ.સુરત	શ્રી મહેશભાઈ હળપતિ

૧૮	માંગરોળ	એન.ડી.દેસાઈ સાર્વજનિક હાઈસ્કૂલ, વાંકલ, તા.માંગરોળ, જિ.સુરત.	શ્રીમતિ ભાવનાબેન ચૌધરી

જિલ્લા કક્ષાનું આયોજન
તા.03/10/2026
સ્થળ: સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ઘોડદોડ રોડ, સુરત
સમય: સવારે ૮:૦૦ કલાકે

શાસનાધિકારી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત	જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જિલ્લા પંચાયત, સુરત	જિલ્લા શિક્ષણાધિકારી સુરત(ગ્રામ્ય), સુરત(શહેર) જિ.સુરત

નકલ રવાના સવિનય જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે

- નિયામકશ્રી, કમિશનર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ ક્યુડીસી (QDC) અને એસવીએસ (SVS) કન્વીનરશ્રીઓ, સુરત.
- આચાર્યશ્રી, SVS ની યાદી મુજબની શાળાઓ